JANMABHOOMI GROUP

વર્ષ : ૭૭, અંક-૪૩
મુંબઈ, ગુરુવાર,
તા. ૨૯-૭-૨૦૧૦
બહારગામની આવૃત્તિ
તા. ૩૦-૭-૨૦૧૦
પાનાં : ૧૨, કિંમત : રૂા. ૨.૫૦

।। जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी ।।

# જન્મભૂમિ

Janmabhoomi 29-7-2010 Mumbai

REGD No. MH/MR SOUTH-58/2009-11 RNI No. 1559/57

| આજનું પંચાંગ | વિક્રમ સંવત ૨૦૬૬ આષાઢ વદ - ૩ | | |
|---|---|---|---|
| સૂર્યોદય ૦૬.૧૬ | સૂર્યાસ્ત ૧૯.૧૪ | ચંદ્ર કુંભ (ગ, શ) | વ્રત પર્વ : સંકષ્ટ ચતુર્થી ચંદ્રોદય - ૨૧.૦૯ |
| આવતી કાલે | | | |
| સૂર્યોદય ૦૬.૧૬ | સૂર્યાસ્ત ૧૯.૧૩ | નક્ષત્ર ૧૭.૫૪ સુધી શતતારકા પછી પૂ. ભા. | દિવસ અશુભ |
| મુસ્લિમ, તા. ૧૬ શાબાન, હિજરી સન ૧૪૩૧ | | | |

૭૭ ૧૯૩૪-૨૦૧૦



તંત્રીલેખ ............૪
■ રાષ્ટ્રીય બગાડ
■ કૉમનવેલ્થ ગેમ્સ અને દિલ્હી

પાનું..........૭
■ કેદીઓને હવે પ્લાસ્ટિક અને થર્મોકોલ્સનાં થાળી-વાટકા અપાશે

છેલ્લું..........પાનું
■ રાજ્યની અદાલતોમાં ૧૦૩ કરોડ રૂપિયા વગરવ્યાજે વર્ષોથી પડ્યા છે !

ઈસ્લામનો પયગામ (જુઓ પાનું-૫)

**સુવાસ**
મિત્રતા ધીરજથી કરો, પરંતુ કર્યા પછી અચળ અને દૃઢ બનીને નિભાવો.
- સૉક્રેટિસ

http://www.janmabhoominewspapers.com

## જર્જરિત મકાન પાણીની ટાંકીના ભારથી ધસ્યું

# કુર્લામાં મધરાતે મકાન તૂટી પડ્યું

## પહેલા અને બીજા માળના રહેવાસીઓ ઘર ખાલી કરવાની તૈયારી કરી રહ્યા હતા ત્યારે મકાન પત્તાંના મહેલની જેમ તૂટી પડ્યું



## બાળકનું મોત, ૧૦ ઘાયલ, છ ગંભીર

**અમારા પ્રતિનિધિ તરફથી**

**મુંબઈ, તા. ૨૯ : કુર્લાના કુરેશી નગર વિસ્તારમાં મધરાતે ૧૨.૩૦ વાગ્યે ચાર માળનું જર્જરિત મકાન પાણીની ટાંકીના ભારથી તૂટી પડતાં પાંચ વર્ષના એક બાળકનું મોત નીપજ્યું છે અને ૧૦ જણા ઘાયલ થયા છે, જેમાંના છ જણાની હાલત ગંભીર હોઈ તેમને સાયન હૉસ્પિટલ અને રાજાવાડી હૉસ્પિટલમાં દાખલ કરાયા હોવાનું ફાયર બ્રિગેડનાં સૂત્રોએ આજે સવારે જણાવ્યું છે. મકાનના કાટમાળમાં વધુ લોકો ફસાયા હોવાની શંકા પણ સૂત્રોએ વ્યક્ત કરી છે.**

રફીક એસ્ટેટ નામનું આ બિલ્ડિંગ આશરે ૨૦ વર્ષ જૂનું હતું. આ અહેવાલ લખાઈ રહ્યો છે ત્યારે ફાયર બ્રિગેડના જવાનો ઘટનાસ્થળેથી કાટમાળ દૂર કરવાનું તથા તેમાં ફસાયેલા લોકોને બહાર કાઢવાનું કામ કરી રહ્યા છે. જોકે, પાલિકાના એક પણ અધિકારી ઘટનાસ્થળે જોવા મળતા નથી, જે પાલિકાનું બેદરકારીભર્યું વલણ દર્શાવે છે. રફીક એસ્ટેટમાં રહેતા પહેલા અને બીજા માળના રહેવાસીઓ ઘર ખાલી કરવાની તૈયારી કરી રહ્યા હતા ત્યારે મકાન પત્તાંના મહેલની જેમ તૂટી પડ્યું હતું. જોકે, ત્રીજા માળના લોકો મકાન ખાલી કરી ગયા હતા.

દરમિયાન, બિલ્ડિંગના એક રહેવાસીએ એવી ફરિયાદ કરી હતી કે પાલિકાને બિલ્ડિંગની જર્જરિત હાલત અંગે અનેક વાર જાણ કરવામાં આવી હતી. હજુ પંદર દિવસ પહેલાં વધુ એક વાર જાણ કરવામાં આવી હતી, પરંતુ તેનું સમારકામ કરવાનાં કોઈ પણ પગલાં લેવામાં આવ્યાં નહોતાં. ફાયર બ્રિગેડના અધિકારીઓએ લોકોના સહકારથી બચાવ કાર્ય શરૂ કર્યું છે.

એક ઈંટની લેવલ અથવા દીવાલ પર ચણવામાં આવ્યું હતું. કેટલાક સ્થાનિકોએ આ બિલ્ડિંગ ગેરકાયદે રીતે બાંધવામાં આવ્યું હોવાનું જણાવ્યું હતું. હકીકતમાં બિલ્ડિંગ પર આવેલી પાણીની ટાંકી તૂટી પડતાં ઉપલા માળના રહેનારા મોટા ભાગના લોકો મકાન ખાલી કરી ગયા હતા. માત્ર ગ્રાઉન્ડ ફ્લોરમાં જ અમુક પરિવારો રહેતા હતા, નહીં તો આ હોનારતમાં મરણાંક અનેક ગણો વધી ગયો હોત. મકાન ખાલી કરનારા પરિવારોએ નજીકમાં આવેલી પાલિકાની સ્કૂલમાં આશરો લીધો હતો. ઘટનાસ્થળે નવ બંબા પહોંચી ગયા છે તથા બચાવ કામગીરી શરૂ કરી છે.

આ બિલ્ડિંગ તૂટી પડવાથી આસપાસનાં કેટલાંક મકાનોને પણ ભારે નુકસાન થયું.



## પન્નાલાલ ઘોષની જન્મશતાબ્દી

**લો**કવાદ્ય બંસરીને શાસ્ત્રીય સંગીતમાં સ્થાન અપાવવાનું શ્રેય વિખ્યાત કલાકાર પન્નાલાલ ઘોષના ફાળે જાય છે. બંસરીવાદનમાં ટોચે પહોંચનારા બંગાળના સપૂતે કળાનાં અન્ય સિદ્ધિ-શિખરો સર કર્યાં હતાં. એમની જન્મશતાબ્દી નિમિત્તે આવતી કાલે **'જન્મભૂમિ'**માં વાંચો વિશેષ લેખ.

## 'તુમ મુઝે યૂં ભુલા ના પાઓગે..'



**૩૧મી જુલાઈએ મહાન ગાયક રફીની પુણ્યતિથિ : શુક્રવારે અપાશે સ્મરણાંજલિ**

## મુલુંડમાં ભાઈ-બહેનની આત્મહત્યા : કચ્છી મકાનમાલિકની ધરપકડ

ADVT.

મુંબઈ, તા. ૨૯ : મુલુંડ (પૂર્વ)માં નવઘર રોડ પર આવેલા અનિકેત બિલ્ડિંગમાં પ્રથમ મજલે એ સઆરએ ફ્લૅટમાં રહેતા સુધીર સમેળ (૬૫) અને તેની બહેન શકુંતલા (૬૧)ને કહેવાય છે કે ફ્લૅટમાંથી મકાનમાલિકે જબરદસ્તીથી બહાર કાઢી મૂકતાં બન્નેએ મુલુંડ (પૂર્વ)ની મલ્હારવાડીની ચાલમાં ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. પોલીસે મકાનમાલિક રાજેશ દેઢિયા (૪૨)ની આત્મહત્યા કરવા પ્રવૃત્ત કરવાના આરોપસર ધરપકડ કરી હતી. અદાલતે તેને રિમાન્ડ માટે બીજી ઑગસ્ટ સુધી પોલીસકસ્ટડીમાં રાખવાનો હુકમ કર્યો હતો. આત્મહત્યા પૂર્વે સુધીર સમેળે મરાઠીમાં લખેલી ચિઠ્ઠીમાં જણાવ્યું હતું કે માર્ચ મહિનાથી ભાડું ન ભરવાના કારણે મકાનમાલિકે તેને અને તેની બહેનને માનસિક ત્રાસ આપવાનો શરૂ કર્યો હતો અને તેમની ઘરવખરી ગુંડા દ્વારા ઉપાડી જવામાં આવી હતી.

કહેવાય છે કે દેઢિયાએ ભાઈ-બહેનને ફ્લૅટમાંથી બહાર કાઢી મલ્હારવાડીમાં આશરો લેવા મજબૂર કર્યાં હતાં, પરિણામે તેઓએ આત્મહત્યા કરી હતી.

## 'વન્સ અપોન...' ફિલ્મને હાઈ કોર્ટની લીલી ઝંડી

મુંબઈ, તા. ૨૯ : ગૅન્ગવોર ફિલ્મના રસિયાઓ માટે સારા સમાચાર એ છે કે મુંબઈ હાઈ કોર્ટે એકતા કપૂરની વિવાદાસ્પદ ફિલ્મ 'વન્સ અપોન એ ટાઈમ ઈન મુંબઈ' ફિલ્મને મુંબઈમાં પ્રદર્શિત કરવા લીલી ઝંડી આપી દીધી છે, તેથી આવતી કાલથી શહેરનાં સિનેમાગૃહોમાં દર્શકો તેની મોજ માણી શકશે.

વીતેલાં વર્ષોના કહેવાતા દાણચોર હાજી મસ્તાનના જીવન પર આ ફિલ્મ આધારિત હોવાનું જણાવી તેમના દત્તક પુત્ર સુંદર શેખર ઉર્ફે સુલેમાન મિરઝાએ આ ફિલ્મ પ્રદર્શિત થતી અટકાવવા હાઈ કોર્ટમાં અરજી કરી હતી.

## સર્વિસ ટૅક્સ : પહેલા રાઉન્ડમાં ગ્રાહકો-બીલ્ડરોનો વિજય

મુંબઈ, તા. ૨૯ : મુંબઈ હાઈ કોર્ટે, પહેલી જુલાઈથી અંડર-કન્સ્ટ્રક્શન બિલ્ડિંગમાં બુકિંગ કરવા પર સર્વિસ ટૅક્સ લગાડવા સામે ગઈકાલે વચગાળાનો મનાઈહુકમ આપતાં બીલ્ડરો તથા ગ્રાહકોનો આ કાનૂની જંગના પહેલા રાઉન્ડમાં વિજય થયો છે. જોકે, કોર્ટે આ વચગાળાની રાહત આપી હોઈ હવે ૨૯મી જુલાઈથી કોઈ પણ ફ્લૅટ ખરીદવા ઈચ્છુક વ્યક્તિ સર્વિસ ટૅક્સ ભર્યા વિના ફ્લૅટ બુક કરાવી શકે છે.

જોકે, પાછળથી બીલ્ડરો આ કેસ હારી જાય તો ગ્રાહકોએ ભવિષ્યમાં આ ટૅક્સ ભરવો પડી શકે છે.

## બિગ-બીના જન્મદિવસે કેબીસી-૪નો શુભારંભ

### 'જલસા'માં રિહર્સલ પુરજોશમાં



મુંબઈ, તા. ૨૯ : લોકપ્રિય ચૅનલ સોની પર કેબીસી-૪નો શુભારંભ આ ક્વીઝ શોના હોસ્ટ અમિતાભ બચ્ચનના ૬૮મા જન્મદિવસ ૧૧મી ઑક્ટોબરથી કરવા માટે તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી હોવાનું સંભળાય છે. આ માટે 'જલસા'માં હાલ પુરજોશમાં રિહર્સલ ચાલી રહ્યું છે.

સોની ચૅનલના એક સૂત્રે આ બાતમીને સમર્થન આપતાં જણાવ્યું હતું કે અત્યારે તો અમારી આ યોજના છે, પણ તેમાં છેલ્લી ઘડીએ ફેરફાર થઈ શકે છે. તે પ્રોગ્રામિંગ અને માર્કેટિંગ નિર્ણય છે.

સોનીના એક્ઝિક્યુટિવ વાઈસ-પ્રેસિડેન્ટ અજિત ઠાકુરે જણાવ્યું હતું કે 'કેબીસી-૪' શો ઑક્ટોબરમાં જ શરૂ થવાનો છે, પરંતુ તેની તારીખ હજી સુધી નક્કી થઈ નથી. અમારો વિચાર બિગ બીના બર્થ-ડે પર જ તેનો શુભારંભ કરવાનો છે. અત્યારે અમે તેમાં ભાગ લેવા માટેની પ્રવેશપ્રક્રિયા પર વધુ ધ્યાન આપી રહ્યા છીએ, જે માટેની ફોન લાઈન્સ સોમવાર બીજી ઑગસ્ટથી શરૂ થાની છે એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

## મલેરિયાના કેસોમાં જુલાઈમાં ત્રણ ગણો વધારો

મુંબઈ, તા. ૨૯ : છેલ્લાં પાંચ વર્ષનો રેકર્ડ જોતાં જુલાઈ મહિનામાં મલેરિયાના કેસોમાં ત્રણ ગણો વધારો જોવા મળ્યો હોઈ પાલિકાએ પાણી જમા થતું હોય એવા વિસ્તારોની હાઉસિંગ સોસાયટીઓ તથા ખાનગી જગ્યાઓ પર ત્રાટકવાનું શરૂ કર્યું છે. આવી ૨૬ સોસાયટી સામે તેણે અત્યાર સુધીમાં કાનૂની કાર્યવાહી કરી છે.

## વિશ્વનાં શૅરબજારો

| | |
|---|---|
| ડાઉ જોન્સ | -૪૦ |
| નાસ્ડાક | -૨૪ |
| હેંગસેંગ | -૪૬ |
| કોસ્પી | -૩ |
| શાંઘાઈ | +૧૬ |
| નિક્કી | -૫૨ |

## પેઈડ ન્યૂઝ : પ્રેસ કાઉન્સિલની ડ્રાફ્ટિંગ કમિટી એકાદ દિવસમાં અહેવાલ આપશે

અમારા પ્રતિનિધિ તરફથી

મુંબઈ, તા. ૨૯ : પ્રેસ કાઉન્સિલની ડ્રાફ્ટિંગ કમિટી 'પેઈડ ન્યૂઝ' પરનો તેનો અહેવાલ જુલાઈ, ૨૦૧૦ના અંત સુધીમાં સુપરત કરશે. પ્રેસ કાઉન્સિલ ઑફ ઈન્ડિયાની ભલામણ બાદ સરકાર યોગ્ય પગલાં ભરશે.

માહિતી અને પ્રસારણ ખાતાના રાજ્ય કક્ષાના પ્રધાન સી.એમ. જતુઆએ લોકસભામાં એક લેખિત જવાબમાં આ માહિતી આપતાં જણાવ્યું હતું કે એવા ઘણા અખબારી અહેવાલો પ્રસિદ્ધ થયા છે, જે સૂચવે છે કે ખાસ વ્યક્તિ કે સંસ્થાની તરફેણમાં સમાચારના સ્વરૂપમાં જાહેરાતો છાપવા માટે કે તેનું પ્રસારણ કરવા માટે કેટલીક ટીવી ચૅનલો અને કેટલાંક અખબારો નાણાકીય લાભો મેળવે છે. જેને 'પેઈડ ન્યૂઝ' તરીકે ગણવામાં આવે છે. પેઈડ ન્યૂઝનું આ દૂષણ અખબારોની કાર્યવાહી અને મુક્ત અને વાજબી ચૂંટણીપ્રક્રિયા પર અસર કરતું હોવાથી લોકશાહી માટે બેવડા આઘાતસમાન છે.

## કૉમર્સ કૉર્નર

### એચડીએફસી બૅન્ક, સેન્ટ્રલ બૅન્ક અને લક્ષ્મી વિલાસ બૅન્કે ડિપૉઝિટ દર વધાર્યા

### બૅન્કો દ્વારા ૦.૨૫ ટકાથી ૦.૭૫ ટકાનો વધારો

મુંબઈ, તા. ૨૯ : રિઝર્વ બૅન્કે હજી પરમ દિવસે રેપો અને રિવર્સ રેપોદર વધારવાની જાહેરાત કર્યાના પગલે કેટલીક બૅન્કોએ તેની ડિપૉઝિટના દરો ૦.૨૫ ટકાથી ૦.૭૫ ટકા સુધી વધારવાની જાહેરાત સુદ્ધાં શરૂ કરી દીધી છે, જેમાં એચડીએફસી બૅન્ક પ્રથમ રહી. ત્યાર પછી સેન્ટ્રલ બૅન્ક અને લક્ષ્મી વિલાસ બૅન્કે ડિપૉઝિટ દરમાં વધારો કર્યો છે, તો કૉર્પોરેશન બૅન્કે પૉલિસી દરમાં વધારો થવાની ધારણાથી બે દિવસ અગાઉ જ સ્પેશિયલ ડિપૉઝિટ્સ પર દર વધાર્યા હતા.

એચડીએફસી બૅન્કના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર પરેશ સુકથાનકરે જણાવ્યું હતું કે સિસ્ટમમાં તરલતા નકારાત્મક થઈ છે અને લોનની વૃદ્ધિની પૂર્ણ શક્યતાને જોતાં ડિપૉઝિટ દરમાં વધારો કરવાનો આ યોગ્ય સમય છે. ૩૦ જુલાઈથી દરમાં આ બૅન્કે વધારો કર્યો છે, જેમાં બે વર્ષ ૧૬ દિવસની ડિપૉઝિટ પર વ્યાજદર ૭.૨૫ ટકાથી વધી ૭.૫૦ ટકા, એક વર્ષ ૧૬ દિવસ માટે ૬.૭૫ ટકાને બદલે સાત ટકા, છ માસ સુધીની ડિપૉઝિટ પર ૪.૫૦ ટકાના બદલે ૫.૨૫ ટકા વ્યાજ ચૂકવશે. લક્ષ્મી વિલાસ બૅન્કે નવા દર બીજી ઑગસ્ટથી અમલમાં આવે એવી રીતે જાહેરાત કરી છે. એક વર્ષની ડિપૉઝિટનો દર ૭.૨૫ ટકાથી વધારી ૭.૫૦ ટકા, ૩૬૪ દિવસ માટે ૬.૨૫ ટકાથી વધારી ૬.૫૦ ટકા, તો કૉર્પોરેશન બૅન્કે ૧૦૦૦ દિવસનો સ્પેશિયલ ડિપૉઝિટ રેટ સાત ટકાથી વધારીને ૭.૨૫ ટકા કર્યો છે. સેન્ટ્રલ બૅન્ક ઑફ ઈંડિયાએ બે વર્ષની ડિપૉઝિટ માટે દર વધારીને ૬.૭૫ ટકા કર્યો છે. ૪૬થી ૯૦ દિવસ માટે વ્યાજદર ૪.૨૫ ટકા અને ૯૧થી ૧૭૯ દિવસ માટે વ્યાજદર ૫.૨૫ ટકા રાખવામાં આવ્યો છે.

**તબીબોની ચેતવણી**

## ઝેરી મલેરિયા શરાબીઓ માટે ચાર ગણો જીવલેણ

### શહેરમાં મલેરિયાથી મૃત્યુ પામનારા ૧૭ જણામાં છ પુરુષ 'શરાબી'

મુંબઈ, તા. ૨૯ : શરાબનું સેવન કરનારાઓએ ચેતી જવાની જરૂર છે, કારણ તેમની બાબતમાં 'મલેરિયા' સામાન્ય દર્દી કરતાં ચાર ગણો ઘાતક બની શકે છે એમ શહેરના તબીબોનું કહેવું છે, કેમકે જુલાઈ મહિનામાં મલેરિયાથી મૃત્યુ પામેલા ૧૭ જણા પૈકી છ પુરુષો 'શરાબી' હોવાનું પાલિકાના આરોગ્ય વિભાગના રેકર્ડમાં જણાવાયું છે.

શહેરમાં મલેરિયાનો પ્રકોપ વધતો જતો હોવાથી આગામી દિવસોમાં વધુ શરાબીઓ તેના સકંજામાં સપડાવાની સંભાવના વ્યક્ત કરાઈ રહી છે. ગઈકાલે પાલિકા હૉસ્પિટલોમાં મલેરિયાના ૧૪૦ કેસ નોંધાયા હતા, જે એક જ દિવસમાં દાખલ કરવામાં આવેલા સૌથી વધુ દર્દીઓ છે.

શરાબના સેવનથી વ્યક્તિનું એકંદર આરોગ્ય કથળવા ઉપરાંત તેની રોગપ્રતિકારકશક્તિમાં ઘટાડો થાય છે અને આવી વ્યક્તિ સહેલાઈથી રોગોનો શિકાર બની શકે છે એમ ફોર્ટીસ હૉસ્પિટલના ડૉ. પ્રદીપ શાહે જણાવ્યું હતું.

શરાબી વ્યક્તિઓમાં લીવર કામ કરતું અટકી જાય છે તેમજ લોહી ગંઠાઈ જાય છે, જેનાથી મલેરિયા થવાનું જોખમ વધે છે અને તે પ્લેટલેટ્સ ઘટવાનું કારણ બની જાય છે એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

### ભાવવધારાના મુદ્દે લોકસભામાં સભામોકૂફીની દરખાસ્ત નકારી કઢાઈ

## હવે ભાજપ સંસદ ભવન નહીં, રાષ્ટ્રપતિ ભવન જશે...

**આનંદ કે. વ્યાસ તરફથી**

નવી દિલ્હી, તા. ૨૯ : ભાવવધારા માટે કોણ જવાબદાર છે? સરકાર કે કુદરત? નાણાપ્રધાન પ્રણવ મુખરજીએ એવી દલીલ કરી છે કે સરકાર જવાબદાર નથી અને અર્થતંત્રને ઉગારી લેવાનો સરકાર પ્રયાસ કરી રહી છે. લોકસભાના સ્પીકર મીરા કુમારે આ દલીલ સ્વીકારી લીધી છે અને સભામોકૂફી દરખાસ્તને નામંજૂર કરી છે. આનો અર્થ એવો થયો કે દરખાસ્ત પર મતદાનને કારણે સરકારનું પતન થવાનો ખતરો નથી. મતદાન નહીં થાય, પરંતુ બીજી કોઈ પણ દરખાસ્ત હેઠળ ચર્ચા યોજી શકાય. શું કેવળ સરકાર પર મૌખિક પ્રહાર કરવા માટે વિપક્ષ અન્ય દરખાસ્ત રજૂ કરશે. આનો અર્થ ભસવાનો થશે, કરડવાનો નહીં. વિપક્ષ શું કરે છે તે જોવું રહ્યું.

હાલ એવું નક્કી કરાયું છે કે ભારતીય જનતા પક્ષ રાષ્ટ્રપતિ ભવન જશે અને સંસદ ભવન નહીં જાય અને ભાવવધારાનો વિરોધ કરવા દેશભરમાંથી એકત્ર કરેલા દસ કરોડ હસ્તાક્ષર ધરાવતી અરજી સુપરત કરશે. ડાબેરીઓ પ્રણવ અથવા ડૉ. મનમોહન સિંઘ પર પ્રહાર કરવાને બદલે રેલવેપ્રધાન મમતા બેનરજી પર તૂટી પડવા ઉત્સુક છે. તેઓ નાનાં લક્ષ્ય સાથે સંતોષ માનશે. સ્પીકરના નિર્ણય અંગે મુખ્ય વિપક્ષ ભારતીય જનતા પક્ષે નાખુશી વ્યક્ત કરી છે. ભાજપના ગોપીનાથ મુંડેએ તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે સ્પીકરે ભલે તેમની માગણી નકારી કાઢી, પરંતુ ભાવવધારા વિરુદ્ધ અવાજ ઉઠાવવાનું તેઓ ચાલુ રાખશે. સંયુક્ત વિપક્ષનો સામનો કરવા માટે સરકાર તૈયાર નથી, કારણકે પોતાના સંખ્યાબળ વિશે સરકારને ખાતરી નથી.

વધુમાં વિપક્ષ ભાવવધારા અંગે સભામોકૂફીની દરખાસ્ત ઈચ્છી રહ્યો છે ત્યારે તેમનાં મંતવ્યો વ્યક્ત કરવાની છૂટ આપતા સ્પીકરના પગલાંને સરકાર સાથે સમાધાન સાધવા માટે વિપક્ષને અપાયેલી તક તરીકે જોઈ શકાય. આ સાથે વિપક્ષે પણ લોકોને એવો સંદેશો પહોંચતો કર્યો છે કે સંસદમાં તેમનો અવાજ અને લાગણીઓનો આદર કરાયો છે. વિપક્ષને સાંભળ્યા બાદ સ્પીકરે જણાવ્યું હતું કે

(અનુસંધાન પાનું ૩)

### અનામત કિંમત ૭૫૦ કરોડ

## ભારત મિલ ખરીદવા સાત બીડરો હોડમાં

મુંબઈ, તા. ૨૯ : એનટીસીની માલિકીની ભારત મિલ ખરીદવા માટે શહેરના સાત અગ્રગણ્ય ડેવલપર્સ હોડમાં છે, જે એનટીસીના ઈતિહાસમાં એક સૌથી મોંઘો સોદો હોવાનું ગણાય છે. એનટીસીએ ૭.૫ એકરના આ પ્લૉટની અનામત કિંમત ૭૫૦ કરોડ રૂપિયા રાખી છે. ડેવલપર્સ ચોથી ઑગસ્ટથી છઠ્ઠી ઑગસ્ટ સુધી યોજાયેલા ઓનલાઈન ઑક્સનમાં બીડ કરી શકશે. અનામત કિંમત ચો. ફૂટ દીઠ આશરે રૂા. ૨૩,૦૦૦ થવા જાય છે.

રીઅલ્ટી માર્કેટ સુધરી છે અને ડેવલપર્સને જાગેલા રસને જોતાં અમને આ સોદો સારી રીતે પાર પાડવાની આશા છે એમ એનટીસીના ચૅરમૅન તથા મૅનેજિંગ ડિરેક્ટર રામચંદ્રન પિલ્લૈએ જણાવ્યું હતું. ડેવલપરોની તેમણે રૂા. ૩૭.૫૦ કરોડની ડિપૉઝિટ ચૂકવ્યા બાદ પસંદગી કરવામાં આવી હતી.

ADVT.

ADVT.